







# ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા






# હવે, નાગરિકો મોડી સાંજે ધાબા પર જવાનુ પસંદ કરે છે

**કેટલાક સેકટરોમાં બાળકો તેમજ યુવાનો ધાબે ચઢી પતંગોત્સવની મજા માંણે છે**
**દિવસની ગરમીથી ત્રસ્ત નગરજનો આજે સાંજે સેકટરોમાં ટહેલવા નિકળી પડયા**

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં આજે ગરમી આક્રમક બનવાની સાથે લોકડાઉનની સજ્જડ બંધ અસર જોવા મળી હતી. દિવસ દરમિયાન જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ લેવા માટે પણ નાગરિકો ઘરની બહાર નિકળ્યા ન હતા. જયારે સાંજના સમયે સેકટરોના રીંગ રોડ પર નાગરિકોની અવરજવર જોવા મળી હતી. બીજીતરફ સાંજના સમયે બાળકો આ સ્થિતિ વચ્ચે હવે ધાબા પર પતંગોત્સવની મજા માંણતા નજરે પડી રહ્યા છે.

ગાંધીનગરમાં છેલ્લા ૧૧ દિવસથી લોકડાઉનની અસરથી સન્નાટો જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી દિવસ દરમિયાન સેકટરોમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લેવા માટે પણ નાગરિકોની સામાન્ય અવરજવર જોવા મળી રહી હતી. જયારે કોરોનાના કેસ રાજયમાં વધતા નાગરિકો વધુ સાવધ બન્યા છે ત્યારે લોકડાઉન વચ્ચે આકરી ગરમીએ પણ માથું ઉંચકતા બપોરના સમયે સમગ્ર શહેર સન્નાટાની ગિરફતમાં જોવા મળે છે. છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ઉપર ચઢતા નાગરિકો બપોરના સમયે ઘરમાં પુરાયેલા જ રહે છે. અલબત્ત જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લેવા માટે પણ બહાર નિકળતા નથી. શહેરના શોપિંગ બજારો તેમજ મુખ્યમાર્ગો પર સન્નાટો જોવા મળી રહ્યો છે. સતત ઘરમાં રહેતા નાગરિકો ટાઈમ પાસ માટે પણ અનેક નુસખા અજમાવી રહ્યા છે. લાંબા સમયથી ચાલી રહેલા લોકડાઉનના લીધે નાગરિકો પણ હવે ટેવાઈ ગયા છે. જયારે ગરમીમાં આ લોકડાઉન નાગરિકોને રાહત આપી રહ્યુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. પરંતુ સાંજના સમયે ઘરની બહાર નિકળવા ન મળતા નગરજનો બેબાકળા બની રહ્યા છે. આવા સંજોગોમાં બાળકો અને યુવાનો પણ નતનવા નુસખા અજમાવી રહ્યા છે.આજે દિવસ દરમિયાન ઘરમાં પુરાયેલા રહ્યા બાદ સેકટરોમાં સાંજના સમયે નાગિરકોની અવરજવર વધી હતી. જયારે સેકટરોમાં સ્થિત ચોકમાં પણ બાળકો રમવા માટે નિકળી પડયા હતા. બીજીતરફ હાલ કોરોના વાયરસના કહેર વચ્ચે જયારે સતત ઘરમાં જ રહેવાની અપીલ કરવામાં આવી રહી છે. આવા સંજોગોમાં નાગરિકો સાંજે તેમજ રાત્રિના સમયે ઘરના ધાબે જવાનુ પણ પસંદ કરી રહ્યા છે. જેથી ખુલ્લા આકાશમાં નિરાંત અનુભવી શકે . સેકટરોમાં બાળકો ધાબા પર ચઢીને પતંગ ચગાવતા નજરે પડે છે. આકાશમાંથી બપોરે અંગારા વરસી રહ્યા છે.જયારે સેકટરોમાં કેટલાક ઠેકાણે સાંજના સમયે આકાશી નઝારો અલગ જોવા મળી રહ્યો છે.

બાળકો તેમજ યુવાનો પણ પતંગોત્સવની મજા માંણે છે. લોકડાઉનના દિવસો જેમ વિતતા જાય છે. તેમ આમ નાગરિકોમાં કોરોનાનો કહેર હળવો થશે તેવી આશા પણ બંધાતી જાય છે. ત્યારે હાલ સરકારે જારી કરેલા લોકડાઉનનો ચુસ્ત અમલ થાય તે અત્યંત અનિવાર્ય છે. જેથી રોગચાળાને હાર આપવા અત્યાર સુધીનુ લોકડાઉન અસરકારક પુરવાર થાય તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

## રેપીડ ટેસ્ટ એકાદ-બે દિવસમાં શરૂ કરવામાં આવશે : જયંતિ રવિ

ગાંધીનગર, તા. ૫

કોરોના વાયરસ અંગે રેપીડ ટેસ્ટ જે તે કેન્ટોનમેન્ટ ઝોનમાં આગામી એક બે દિવસમાં શરૂ કરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિએ આપ્યા છે.

આજે સાંજે પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યુ હતુ કે કેબિનેટ સેક્રેટરી ભારત સરકારની વિડીયો કોન્ફરન્સમાં આ મુદ્દે ચર્ચા થઈ છે અને એકાદ-બે દિવસમાં જ આ અંગેની ટેસ્ટીંગ કીટ રાજ્યમાં આવી પહોંચતાં તુરત જ તે શરૂ કરવામાં આવશે.

**રાજ્યમાં ૨૧ દર્દીઓ રોગ પ્રતિકારક શક્તિ પ્રાપ્ત થતાં તેમને રજા આપવામાં આવી**

સુશ્રી રવિએ જણાવ્યુ હતુ કે આજે રાજ્યમાં ૨૪૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને તેમાંથી ૨૦ ટેસ્ટ પોઝીટીવ આવ્યા છે જ્યારે ૨૨ ટેસ્ટ પેન્ડીંગ છે.

તેમણે કહ્યુ હતુ કે સરકાર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે. દરેક જિલ્લાઓમાં કોવિડ હોસ્પિટલ ૧૦૦ બેડની તૈયાર કરવામાં આવી રહી છે અને ઘણા બધા જિલ્લાઓમાં તે તૈયાર પણ થઈ ચુકી છે.

તેમણે કહ્યુ હતુ કે રાજ્યમાં નોંધાયેલા ૧૨૮ કેસ પૈકી બે દર્દી વેન્ટીલેટર પર છે ૯૪ દર્દી સ્ટેબલ છે જ્યારે ૨૧ દર્દીઓ રોગમુક્ત થતાં તેમને રજા આપવામાં આવી છે. રાજ્યમાં ૨૫૬૮ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૨૪૧૮ નેગેટીવ આવ્યા છે જ્યારે ૧૨૮ કેસ પોઝીટીવ આવ્યા છે. જે ૧૨૮ દર્દી નોંધાયા છે તેમાં ૩૩ દર્દી વિદેશયાત્રાની હિસ્ટ્રી ધરાવે છે, ૧૭ દર્દી આંતર રાજ્ય પ્રવાસની હિસ્ટ્રી ધરાવે છે જ્યારે ૭૮ વ્યક્તીઓ લોકલ ટ્રાન્સમિશનને કારણે આ ચેપમાં સપડાયા છે.

## ગ્રામીણ વિસ્તારોમાં કોરોના સંક્રમણને અટકાવવા પંચાયત અધિનિયમનની મર્યાદામાં પગલાં લેવા તાકીદ

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સરકારે તમામ જિલ્લાઓની ગ્રામ પંચાયતોને પંચાયત અધિનિયમની જોગવાઈઓમાં ચેપી રોગચાળાને નિયંત્રણમાં લેવાની અપાયેલી સત્તાઓ અંગે સરપંચોને જાણકારી આપવામાં આવે અને પગલાંઓ પંચાયતો ભરે તેવો આગ્રહ કર્યો છે.

ગુજરાતમાં ધીમીગતીએ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ જે કોરોનાના કેસો મળી રહ્યા છે તે ધ્યાને રાખી રાજયના વિકાસ કમિશ્નરશ્રીએ તમામ જિલ્લા પંચાયતોના જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને પત્ર લખી પંચાયત એકટમાં આ અંગે કરાયેલ જોગવાઈઓ તરફ ધ્યાન દોરી જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન ગ્રામ્યકક્ષાએ આપવા માટે જણાવ્યુ છે.

સચિવાલયના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વિકાસ કમિશ્નરે લખેલા પત્રમાં સને ૧૯૬૧ના પંચાયત અધિનિયમની કલમ ૩૨૪ હેઠળ ગ્રામ પંચાયત માટે બનાવેલા ઉપનિયમો પ્રવર્તમાન પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૨૭૬ના ખંડ (૬) અન્વયે આ ઉપનિયમો આજે પણ અમલમાં છે. તે ઉપનિયમોની જોગવાઈઓ મુજબ ખાસ કરીને ચેપીરોગોના સંક્રમણને વધુ આગળ વધતો અટકાવવા સંબંધે પંચાયોતના ઉપનિયમોના નિયમ ૧૮૧ થી ૨૦૫માં આ જોગવાઈઓ કરવામાં આવેલી છે.

આ માટે ૧૩ જેટલી જોગવાઈઓ થયેલી છે અને તેનો અમલ ચુસ્તતાથી થાય તે જોવાની ફરજ જે તે પંચાયતના સરપંચ અને અન્ય પદાધિકારીઓની છે.

સરકારના પંચાયત વિભાગે હરકતમાં આવી આ સૂચનાઓનું અમલીકરણ તાત્કાલિક થાય તેમજ ગ્રામ્ય વિસ્તારમાં દવાઓનો છંટકાવ સહિત જન જાગૃતિ આવે તે દિશામાં કાર્યવાહી કરવામાં આવે તેવી સ્પષ્ટ સૂચનાઓ જારી કરી છે.

**ગરમીએ પણ લોકડાઉન આપ્યુ...**

# શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક ગરમી : પારો ૪૦.૭ ડીગ્રી

**બપોરે આકાશમાંથી અંગારા વરસ્યા : લોકડાઉન વચ્ચે બપોરના સમયે એકલ દોકલ વ્યકિતની પણ અવરજવર જોવા ન મળી લોકડાઉન અને આકરી ગરમીથી જનજીવન પ્રભાવિત**



ગાંધીનગર તા ૫

શહેરમાં આજે ગરમીનો પારો ૪૦.૭ ડીગ્રીએ પહોંચી ગયો હતો. સિઝનની અત્યાર સુધીની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૧ ડીગ્રી ઉંચકાયો હતો. આક્રમક ગરમીના લીધે બપોરના સમયે આકાશમાંથી અંગારા વરસતા હોય તેવો અહેસાસ નગરજનોએ કર્યો હતો. ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર થઈ જતા નગરજનોએ આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. લઘુત્તમ અને મહત્તમ તાપમાન એક ડીગ્રી ઉંચકાયુ હતુ. ગરમી ઉગ્ર બનતા નગરમાં બપોરના સમયે લોકડાઉન વચ્ચે સદંતર સન્નાટો જોવા મળ્યો હતો. નાગરિકો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લેવા માટે પણ બહાર નિકળ્યા ન હતા. સવારથી જ વાતાવરણમાં ગરમીની અસર વર્તાતી હતી. બપોરના સમયે ઘરોમાં એસી ધમધમતા થયા હતા. ઉનાળાની આક્રમક બપોરે સેકટરોની શેરીઓમાં એકલ દોકલ અવરજવર પણ જોવા મળી ન હતી. મહત્તમ તાપમાન પણ વધતા મોડી સાંજે તેમજ રાત્રિના સમયે પણ નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો.

ગાંધીનગરમાં આજનો દિવસ અત્યંત ગરમ રહ્યો હતો. આકાશમાંથી સવારથી જ સુર્યના તેજ કીરણો વરસતા હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. મહત્તમ તાપમાન ૧ ડીગ્રી વધીને ૪૦ ડીગ્રીને પાર પહોંચી ગયુ હતુ. આજે દિવસ દરમિયાન આકાશમાં અગ્નજવાળ વરસી હતી. ચૈત્ર આકાશે ચઢતા બપોરના સમયે આકાશમાંથી અગ્નજવાળ વરસી હતી. હાલ કોરોના વાયરસની મહામારીના લીધે છેલ્લા ૧૧ દિવસથી શહેરમાં લોકડાઉનની સ્થિતિ છે. જયારે લોકડાઉન વચ્ચે પણ આમ નાગરિકો જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે નિકળતા નજરે પડે છે. પરંતુ હવે બપોરના સમયે લોકડાઉનની પુર્ણ અસર શહેરમાં જોવા મળી રહી છે. એકબાજુ લોકડાઉનના લીધે આમ પણ નાગરિકો ઘરમાં પુરાયેલા છે. ત્યારે ગરમીએ પણ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા નગરજનો ઘરમાં જ રહેવાનુ પસંદ કરી રહ્યા છે.

આજે સિઝનની મહત્તમ ગરમી પડતા બપોરના સમયે શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં એકલદોકલ વ્યકિતઓની અવરજવર પણ જોવા મળી ન હતી. સાંજ સુધી વાતાવરણમાં ગરમીનો અહેસાસ થતા નાગરિકો એસી ઓન કરીને ઘરોમાં જ બેસી રહ્યા હતા. જો કે મોડી સાંજે આખો દિવસ ઘરમાં પુરાયેલા નગરજનો પોતના ચોક તેમજ સેકટરોના રીંગ રોડ પર ટહેલવા નિકળી પડયા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ જો કે પોલીસ પેટ્રોલીંગના લીધે નાગરિકોને ઘરમાં જ રહેવાની અપીલ કરાઈ હતી. લઘુત્તમ તાપમાન પણ વધીને ૨૦.૫ ડીગ્રી પહોંચી ગયુ હતુ. જેના લીધે રાત્રિના પણ ગરમીની અસર વર્તાઈ હતી. વાતાવરણમાં ગરમી વધતા ભેજનુ પ્રમાણ ઘટીને ૨૨ થી ૩૬ સુધી રહ્યુ હતુ.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com